# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-05-2025** **Morning : 7.10 to 7.20**

**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વર્ચ્યૂઅલ માધ્યમથી રાજ્યનાં પુનઃવિકસિત 18 સહિત દેશના 103 અમૃત સ્ટેશનોનું ઉદ્ઘાટન કરશે.**
2. **રાજ્ય સરકાર દ્વારા દ્વારા ખેડૂતોને ઘઉંનાં ટેકાના ભાવ ઉપરાંત 150 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ બોનસ આપવામાં આવશે.**
3. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, 'કૃત્રિમ બુદ્ધિમત્તા- A.I. આધારિત માળખું અને ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ.'**
4. **સુરત જિલ્લાની પલસાણા ગ્રામ પંચાયતની ઉત્કૃષ્ટ કામગીરી બદલ નેશનલ ઈ-ગવર્નન્સ એવોર્ડ માટે પસંદગી.**
5. **આજે દક્ષિણ અને મધ્ય ગુજરાત તથા સૌરાષ્ટ્રનાં કેટલાંક જિલ્લાઓમાં વરસાદની હવામાન વિભાગની આગાહી.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# AMRUT BHARAT STATIONS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે રાજસ્થાનના બીકાનેર ખાતેથી વર્ચ્યૂઅલ માધ્યમથી અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ દેશનાં 103 અમૃત સ્ટેશનોનું ઉદ્ઘાટન કરશે, જેમાં રાજ્યનાં 18 સ્ટેશનોનો સમાવેશ થાય છે. અંદાજે 160 કરોડ રૂપિયાના ખર્ચથી પુનઃવિકસિત કરાયેલા રાજ્યના આ સ્ટેશનોમાં ભવ્ય પ્રવેશદ્વાર, આધુનિક પ્રતીક્ષા ખંડ, અત્યાધુનિક લાઈટ, ડિજિટલ માહિતી વ્યવસ્થા અને દિવ્યાંગજનો માટેની અનુકુળ સુવિધાઓ ઊભી કરવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સુરેન્દ્રનગર જિલ્લામાં લીંબડી રેલવે સ્ટેશન ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. 10 કરોડ 55 લાખ રૂપિયાનાં ખર્ચે લીંબડી રેલવે સ્ટેશનનું આધુનિકીકરણ કરવામાં આવ્યું છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત કરમસદ રેલવે સ્ટેશન ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

જામનગરથી 26 કિલોમીટરના અંતરે આવેલાં કાનાલુસ જંકશનનું પણ ઉદ્ઘાટન થશે. આ સ્ટેશન નિયમિત મુસાફરોને કાર્યસ્થળે અવરજવર કરવા અને આસપાસના ઔદ્યોગિક પરિદ્રશ્યને ટેકો આપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

કાનાલુસ સ્ટેશન પરથી નિયિમિત મુસાફરી કરતા પ્રવાસી મુકુંદભાઇ ધણધે સ્ટેશનનાં પુનઃનિર્માણ અંગે આ રીતે આનંદ વ્યક્ત કર્યો

**(BYTE MUKUND DHANADH)**

---

# WHEAT MSP

કેન્દ્ર સરકાર દ્વારા ‘રવિ માર્કેટિંગ સિઝન 2025-26 અંતર્ગત ટેકાનો ભાવ ઘઉં માટે બે હજાર 425 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ જાહેર કરવામાં આવ્યો છે , જેના પર રાજ્ય સરકાર દ્વારા દ્વારા 150 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ બોનસ આપવામાં આવશે.

ઘઉંની પ્રાપ્તિની સમયમર્યાદા 31 મે , 2025 સુધી નિયત કરેલી હોવાથી રાજ્ય સરકાર તરફથી ટેકાના ભાવ ઉપરાંત 150 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ બોનસ પેટે વધારાના ચુકવવામાં આવશે.

---

# PM BHUJ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 26મેનાં રોજ ભુજ-મિરઝાપર રોડ પર યોજાનારા કાર્યક્રમમાં 52 હજાર 953 કરોડ રૂપિયાનાં 31 વિકાસકામોનું ઇ-લોકાર્પણ તથા ઇ-ખાતમૂહુર્ત કરશે.

કચ્છ, મોરબી, જામનગર, અમરેલી, જુનાગઢ, ગીર-સોમનાથ, અમદાવાદ, તાપી તથા મહીસાગર જિલ્લાને સમાવતા વિકાસકામોમાં બે હજાર 292 કરોડ રૂપિયાનાં 17 કામોનું લોકાર્પણ તથા 50 હજાર 661 કરોડ રૂપિયાનાં 14 કામોનાં ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રીનાં પ્રવાસ પૂર્વે કાર્યક્રમની તૈયારીઓને અંતિમ ઓપ આપવા ગઈ કાલે કલેકટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યું કે , “ઓપરેશન સિંદૂર ”ની સફળતા બાદ સરહદી જિલ્લામાં

પ્રધાનમંત્રીનું આગમન થઈ રહ્યું હોવાથી ભવ્ય રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે. દસ હજાર બહેનો સિંદૂર અને એક સમાન સાડીમાં આ કાર્યક્રમના માધ્યમથી દેશભક્તિનો સંદેશ આપશે. આ ઉપરાંત , નિવૃત્ત સૈનિકો પણ સેનાના શૌર્યને સલામી આપવા હાજર રહેશે.

---

# CM GIFT CITY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , 'રાજ્યમાં કૃત્રિમ બુદ્ધિમત્તા- A.I. આધારિત માળખાનો વિકાસ થાય તેમજ A.I. આધારિત ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.' 'ભારતને વિશ્વના સોફ્ટ પાવર લીડર અને જ્ઞાન આધારિત અર્થતંત્ર બંને ક્ષેત્રમાં અગ્રેસર બનાવવામાં ગુજરાત લીડ લઈ રહ્યું હોવાનું પણ શ્રી પટેલે ઉમેર્યું હતું. ગાંધીનગરમાં ગિફ્ટ સિટી ખાતે કૉગ્નિઝન્ટ ટેક્નોલૉજી સોલ્યુસન્સ પ્રાઈવેટ લિમિટેડને ફેસિલિટીના ઉદ્ઘાટન સમારોહમાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યું.

**(BYTE- BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

---

# NEW CRIMINAL LAW

ભારત સરકારના નવા ત્રણ ક્રિમિનલ કાયદાનો હવે પુરા નામ સાથે ઉલ્લેખ કરવામાં આવશે. તમામ ખાતાના વડાઓને પણ પત્ર વ્યવહાર કે કોર્ટ કાર્યવાહીમાં નવા કાયદાનું આખું નામ લખવા સુચન કરવામાં આવ્યું છે. રાજ્યના તમામ

પોલીસ કમિશનર, રેન્જ વડા અને જિલ્લા પોલીસ વડાને પણ સૂચના આપવામાં આવી છે કે કાનૂની કાર્યવાહી કે કોર્ટ કાર્યવાહી ઉપરાંત પત્ર વ્યવહારમાં નવા કાયદાનો પુરા નામ સાથે ઉલ્લેખ કરવામાં આવે. ભારતીય ન્યાય સંહિતા 2023 અને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા 2023 એમ ફરજીયાત ઉલ્લેખ કરવાનો રહેશે.

---

# METRO TRAIN

ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ દ્વારા આજે ડાંગના કિલાદ ઈકો ટૂરિઝમ કેમ્પ સાઈટ ખાતે ‘આંતરરાષ્ટ્રીય જૈવવિવિધતા દિવસ’ની ઉજવણી કરાશે. રાજ્ય સહિત વિશ્વભરમાં જૈવવિવિધતાના સંરક્ષણ અને સંવર્ધન માટે દર વર્ષે આ ઉજવણી કરાય છે. સાંભળીએ અહેવાલ...

## (VOICE CAST- HINA MODI)

(...... ‘પ્રકૃતિ અને ટકાઉ વિકાસ સાથે સુમેળ ’ની વિષયવસ્તુ સાથે આજે આંતર-રાષ્ટ્રીય જૈવવિવિધતા દિવસની ઉજવણી થશે. આ વર્ષની વિષયવસ્તુ આપણને શીખવે છે કે , વિકસતા વિશ્વમાં માનવજાત અને પ્રકૃતિ વચ્ચે સુમેળ જાળવવો સૌથી મોટી જરૂરિયાત અને પડકાર છે. દરેક જીવજાતિઓનું જાતિનું પર્યાવરણમાં વિશિષ્ટ મહત્વ હોય છે અને કોઈ પણ જાતિ લુપ્ત થવાથી સંપૂર્ણ નિવસનતંત્ર અસંતુલિત બની શકે છે. આથી , ભવિષ્યની પેઢીઓ માટે જૈવવિવિધતાનું સંરક્ષણ અનિવાર્ય બની ગયું છે. ડાંગમાં આજની ઉજવણીના

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ પણ જૈવવિવિધતા સંરક્ષણ તેમજ પ્રકૃતિ અને ટકાઉ વિકાસ સાથે સુમેળ સ્થાપિત કરવાનો છે.

સમાચાર વિભાગથી હિના મોદી, આકાશવાણી, અમદાવાદ)

---

# PALSANA GRAM PANCHAYAT

સુરત જિલ્લાની પલસાણા ગ્રામ પંચાયતની ઈ-ગવર્નન્સ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ નેશનલ ઈ-ગવર્નન્સ એવોર્ડ માટે પસંદગી થઇ છે. પલસાણા ગ્રામ પંચાયતને વિશેષ શ્રેણી "Grassroot Level Initiatives for Deepening/Widening of Service Delivery" માટે આ પુરસ્કાર આપવામાં આવશે.

ગ્રામ પંચાયત દ્વારા ૧૦૦ ટકા વેરા વસુલાતની કામગીરી ઓનલાઈન કરવામાં આવે છે. આ ઉપરાંત , "Secure Palsana" અંતર્ગત ગ્રામ પંચાયતે ગામમાં વિવિધ જગ્યાએ અંદાજે 75 જેટલા સી.સી.ટી.વી કેમેરાની ગોઠવણી કરી છે.

વિશાખાપટ્ટનમ ખાતે યોજાનાનાર '28મી નેશનલ ઈ-ગવર્નન્સ કોન્ફરન્સ ' દરમિયાન આ પુરસ્કાર એનાયત કરવામાં આવશે.

---

# WEATHER

રાજ્યના અનેક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. ગઈકાલે સવારથી સાંજ સુધીમાં રાજયના 52 તાલુકામાં બે ઈંચ

સુધીનો વરસાદ નોધાયો છે. સૌથી વધારે ભરૂચ ના અંકલેશ્વરમાં બે ઈંચ જ્યારે સાવરકુંડલા, ઉમરપાડા, તાલાળા તાલુકામાં દોઢ ઈંચ સુધી વરસાદ પડ્યો છે.

હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી સમગ્ર રાજ્યમાં વરસાદની આગાહી કરી છે , જેને પગલે માછીમારોને દરિયો ન ખેડવા જવાની સૂચના આપવામાં આવી છે.

હવામાન વિભાગે આવતીકાલથી અનેક જિલ્લામાં ભારે પવન સાથે વરસાદની આગાહી કરી છે. આજે દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાં અને કચ્છમાં પણ વરસાદની આગાહી કરી છે. આ અંગે વધુ માહિતી આપી રહ્યા છે હવામાન વૈજ્ઞાનિક એ. કે. દાસ

**(બાઈટ – ડો. એ.કે.દાસ)**

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના ગોધરા, ડીટવાસ, સરસવા, પુનાવાડા સરહદ સહિતના વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. ગઈ કાલે ભરૂચ શહેર સહિત જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદ ખાબક્યો હતો.

---

# IPL

આઈપીએલ ટી- 20 ક્રિકેટમાં મુંબઈ ઈન્ડિયન્સે ગઈકાલે રાત્રે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સને 59 રનથી હરાવીને પ્લેઓફમાં પહોંચનારી ચોથી અને અંતિમ ટીમ બની હતી. જ્યારે, આઈપીએલ 2025માં દિલ્હી કેપિટલ્સની સફરનો અંત આવ્યો. પ્રથમ બેટિંગ કરવા માટે આમંત્રણ મળ્યા બાદ યજમાન

મુંબઈએ નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટે 180 રન બનાવ્યા હતા. દિલ્હીની ટીમ 18.2 ઓવરમાં માત્ર 121 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઈટન્સનો મુકાબલો લખનઉ જાયન્ટસ સામે સાંજે સાડા સાત વાગ્યે થશે.

---